





‘સમિતિ’ને ‘આયોગ’માં તપાસો પીંજાઇ જાય છે,
વિંઝાઇ જાય ભોંછાર સમસ્યા ભીંજાઇ જાય છે,
ભૂંજાઇ જાય સુરક્ષા ને આંખ મીંચાઇ જાય છે
થીજાઇ જાય રહસ્યો ને અગ્નિ બૂઝાઇ જાય છે
(તપાસ ના પાટા બદલાઇ ગયા)




ફરીયાદી જ
ઠરે છે ગુન્હેગાર!
ગંદુ નગરી..
(પ્રદર્શનકારીઓ આરોપીઓ!)

લાગી લંગાર!
ફરી ઉત્સવો મેળા
કાર્નિવલની..
(દંભ નો દબદબો)

## ચિંતન

**નિમેષ માત્ર અપિ તે વયો ગચ્છન્ન તિષ્ઠતિ ।**
**તસ્માદે હેષ્વનિત્યેષુ કીર્તિ મે કામુપાર્જયેત્ ॥**

‘આયુષ્ય પળે પળે વ્યતીત થતું રહે છે. એક ક્ષણનો પણ વિસામો લેતું નથી, માટે આ નાશવંત શરીરમાં, આત્મા માટે - એક માત્ર યશને પ્રાપ્ત કરી લ્યો.’

આપણી આલસ્યવૃત્તિ, બધું કામ ‘પછી’ પર છોડવાની અને કર્તવ્ય-ફરજમાંથી છટકવાની ભાગેડુ વૃત્તિ હંમેશા કોઇને કોઇ બહાનાં ને ઢાલ બનાવી આળશુ પ્રકૃતિને બૂરખો પહેરાવતાં હોઇએ છીએ અને જ્યારે રંગે હાથે પકડાઇ જઇએ ત્યારે પણ, મારે આજે જ કરવું હતું, પણ વચ્ચે આ કામ-ફોન-કોઇ મહેમાન-આવી ગયું એટલે રહી ગયું!

એવું જ શારીરિક સાધના-કસરત-કે શરીર-રોગો તરફ દુર્લક્ષ સેવી ઉપચાર આજે કરશું, કાલે કરશુમાં ખૂબ મોડું થઇ જાય છે.

આત્માની ઉન્નતિ-સાધના-સત્સંગ દ્વારા ‘આત્મજ્ઞાન’ પ્રાપ્ત કરવામાં પણ હજુ તો અભ્યાસ કરૂં છું, સંસારી છું પહેલાં ધંધો-કુટુંબનું ભરણપોષણ, ભગવાન ક્યાંક ભાગી જતો નથી, નિવૃત્તિ પછી તો એ જ કરવાનું છે ને! આમને આમ જીવનનો ‘અમૂલ્ય’ શારીરિક શક્તિનો-સાધના-તપ-ઉપવાસ થઇ શકે એવો સમય પસાર થઇ જાય છે, અને પાછલી અવસ્થામાં મને તો રોગ છે ને! મારાથી આમ ન થાય, તેમ ન થાય કહી બચાવ પ્રયુક્તિઓ શરૂ થઇ જાય.

જીવનમાં ‘સત્કાર્યો’ કરી નામના-કીર્તિ-દ્વારા સ્વ-જીવ-આત્માનો વિકાસ કરવો જરૂરી છે મૃત્યુ કઇ ક્ષણે આવી જશે કોને ખબર છે?!

## સુવિચાર

- કોઇ પણ પ્રકારનું સંકુચિત ધ્યેય ધરાવતું શિક્ષણ તેનાં મૂળ લક્ષ્ય-હેતુનો જ નાશ કરે છે **- ગણેશશંકર વિદ્યાર્થી**
- આપણા વિદ્યાલયોમાં જે ભણાવવામાં આવે છે તે શિક્ષણ છે જ નહીં, શિક્ષણનું સાધનમાત્ર છે **- ઇમર્સન**
- શિક્ષણનું ધ્યેય માનવ જ્ઞાનની વૃધ્ધિ કરી માનસમાં બુધ્ધિ ભરવાનું નથી પણ તેને પ્રાપ્ત બુધ્ધિનો વિકાસ કરવાનું છે **- ડાર્ડેટ**
- શિક્ષણની શરૂઆત તો પારણાથી જ શરૂ થઇ જાય છે **- ટી.કોપેન**
- પારણાથી શરૂ કરી, કબર સુધી શિક્ષણ પ્રાપ્ત કરતા રહો **- કુરાન**
- શિક્ષણ બે રીતે પ્રાપ્ત થાય છે, કોઇ પાસેથી શીખીને કે સ્વાનુભાવ દ્વારા **- ગિબન**
- કોઇની સહાય વિના પોતાના પગ પર ઉભા રહીને ‘સ્વ’નો વિકાસ કરવાનું શીખવે તે સાચું શિક્ષણ **- એસ. ભટાચાર્ય**

## બોધ કથા

સુબુકતગી એક ગુલામ હતો. પણ પોતાના માલિકની નિષ્ઠાપૂર્વક સેવા કરતો તેથી માલિકે તેને એક ‘સ્વતંત્ર’ ચાકરની જેમ રાખ્યો હતો. આ ગુલામનો પુત્ર જંગલમાં શિકાર કરવા નિકળ્યો. એની નજરે એક કોમળ, હરણીનું બચ્ચું નજરે પડ્યું અને પકડી લીધું. દોરડેથી બાંધી ઘોડાની પીઠે લટકાવી દીધું, અને ઘોડો નગર તરફ હુંકાર્યો.

થોડીવારે એને લાગ્યું કે કોઇ પશુ પણ તેની પાછળ પાછળ દોડતું આવે છે, જોયું તો બચ્ચાંની મા હરણી હતી. ઘોડો ઉભો રાખ્યો. હરણીની આંખમાં આંસુ હતા. બચ્ચાના પગ ચાટવા લાગી.

શિકારી પરિસ્થિતિ પામી ગયો એને દયા આવી ગઇ, અને બચ્ચાંને છોડી દીધું. હરણી અને બચ્ચું આભારવશ એ શિકારી તરફ જોઇ જોઇ જંગલમાં ખોવાઇ ગયાં.

શિકારીએ રાત્રે ખાધા-પીધા વિના સૂઇ ગયો. રાત્રે ખૂદાના બંધા જેવા બે ઓલિયા ફકીર એના સ્વપ્નમાં આવ્યા અને કહ્યું, આજે તે મૂક પ્રાણીઓ પર જે દયા બતાવી છે તેનાથી ખૂદા ખૂબ જ ખુશ થયા છે અને તારૂં નામ ‘બાદશાહોની યાદી’માં લખાઇ ગયું છે તું જરૂર એક દિવસ શહેનશાહ થઇશ.

.. અને એ ગુલામપુત્ર એક દિવસ ‘મહમદ ગજનવી’ તરીકે શહેનશાહ થયો એવું કહેવાય છે.

# મૈંને કુત્તો કી ઔર દેખા, વૈસે તો કાફી તગડે થે પર ઉનકી આંખો મેં, પટપટાતી રૂએદાર પૂછ સે ભૂખ સાફ ઝલક રહી થી

**કૉફી હાઉસ (સરકારી કુત્તે)**

**- ઉત્સવ પરમાર**

‘‘ધ કૉફી હાઉસ’’ વિચારોની ખુલ્લી બારી રહી છે અને આ વખતે કૉફી હાઉસની ઠંડી બારીઓમાંથી પવન હિંદીમાં ફૂંકાયો. ‘કૂતરો’ તો ગુજરાતીમાં એક વિશેષણ બની ચૂક્યો છે. પણ સાથે હિન્દીમાં ‘કૂત્તા’ બોલવાની જે મજા આવે છે - તે ઉચ્ચાર વિલાસ તો શબ્દ વારંવાર બોલીને જ લઈ શકાય - કદાચ આજનો લેખ હિન્દીમાં લખવાનું આ જ મહાનતમ કારણ આપી શકું છું. બાકી અભિવ્યક્તિને ભાષામાં તે વળી શું બંધન?

મેરે જૈસે સીધે આદમી કો ઉનકા સીધા કામ શાયદ હી કભી પડતા હૈ, ઈતના ભી જરૂરી નહીં થા પર કુછ કામ આ પડા થા ઉસ દિન મંત્રીજી કા...! અકસર ઐસે હી કામોં કે લિએ ઉનસે મિલતા રહતા હૈ, કાફી દિનો સે મંત્રીજી કો દેખા નહીં, યાદ નહીં આખરી બાર કબ દેખા થા? શાયદ ચુનાવ કે દિનો, હર જગહ વહી નજર આતે થે. અખબારો મેં કુછ ઐસે છપતે કી માનો દેશભર કી ચિંતા ઉનકે હી સર નાચ રહી હો; પોસ્ટરો સે કુછ ઐસે ચિપકતે માનો કિસી ભાગ્યવિધાતા કી નિગાહો સે સડકો કી ઔર દેખ રહે હો, લેકિન ચુનાવ ખતમ હો ગયે - ફૈસલા હો ગયા - નેતાજી અબ, મંત્રીજી બન ગયે - પોસ્ટરો સે ભાગ ગયે - માઈકો સે ચિપકના છોડ દિયા - અખબારો મેં કહી કીસી છોટે સે કોને મેં છપને લગે... યાદ નહીં મંત્રીજી કો આખરી બાર કબ દેખા થા?

ખેર, મુઝે ક્યાં? યે સોચતે સોચતે ચઢ લી મૈંને સીઢિયા, અપને ખ્યાલો મે ઈતના ખો ગયા કી ભૂલ ગયા લિફ્ટ કામ દે રહી હૈ. સોચ રહા થા મંત્રીજી વ્યસ્ત ના હો કહી?! આખિરકાર જનતા કે સેવક તો વહી હૈ ના, જૈસા અક્સર વે કહતે રહતે હૈ!!

પહુચ ગયા!! બહાર એક ચપરાશી બૈઠા થા જૈસે હર સરકારી દફતરો કે બાહર હોતા હૈ, માનો એક હી પ્રિન્ટીંગ પ્રેસ સે રોજ સુબહ છપકર નીકલતા હો.

‘સા’બ હૈ?’ મૈંને ધીરેં સે પૂછા.

‘નહીં!’ માનો કલ રાત કે ખાને કી ડકાર આજ સુબહ લે રહા હો.

‘કબ લોટેંગે?’

‘પતા નહીં’

ઔર મે લૌટને લગા, ઉસે આગે કુછ ઔર પૂછને કા મન ના કિયા, થોડી નિરાશા જરૂર હાથ લગી પર સોચા ઠીક હૈ, અગલી બાર ફોન ઘુમાકે આઉગા, ઉતને મે પીછે સે આવાજ આઇ, જૈસે કોઈ દુકાન કા શટર ખુલ રહા હો.

‘કયા કામ થા?’

ચપરાસી અક્સર ઐસે સવાલ પૂછ લિયા કરતે હૈ ઔર મૈંને ભી વહી જવાબ દિયા જો ઉસ ચપરાસી કો શાયદ પહલે સે હી પતા થા.

‘કુછ ખાસ નહીં... બસ યૂ હી...’ થોડી જિજક કે સાથ જવાબ દે દિયા મૈંને.

‘બૈઠો થોડી દેર...’ કહકર ચપરાશી ચલા ગયા ઔર મે વદી પડે સોફે પર બૈઠકર મંત્રીજી કે પરિસર કા મુઆઇના કરને લગા. અજીબ સી ઘુટન લગી, કીસી ભી દિવાર પર ઘડી નહી થી. ઘડીયાં ઇંતેંજાર બઢા દૈતી હૈ, લગતા હૈ મંત્રીજી યે બાત જાનતે હોંગે ઔર શાયદ કિસી લિયે ઉસ પ્રતિક્ષા કક્ષ મેં કહી કોઇ ઘડી નહીં થી. થોડી હી દેર મેં પાસ વાલે કિસી કમરે સે આવાઝ આઇ.

‘અંદર આ જાઓ.’

મુજે થોડા ચૈન મિલા, બાત કુછ બનતી લગી ઔર ફિર યહાં આના નહીં પડેગા ઐસા સોચતે અંદર ગયા...

ઔર અંદર...

બડા હી અજીબ કમરા થા વોં, બહાર સે એક ચમક ઉજાલા દિખ રહા થા. લેકિન અંદર તો અંધેરા થા, મૈને સોચા બડે મંત્રી હૈ, ઈન્કે યહાં યે આમ બાત હોંગી...

અચાનક કુછ હલચલ હુઇ, કુછ આવાઝે આને લગી ઔર મેં ડર ઊઠા.

‘કયા હૈ? કયા હૈ યે?’ મે લગભગ કપકપાતી આવાઝ મેં હી પૂછ રહા થા.

‘સા’બ યે કુત્તે હૈ, સરકારી કુત્તે?’

‘પર ઈનસે કયો મિલા રહે હો, મુજે તો મંત્રીજી સે મિલના હૈ.’

‘સા’બ મંત્રીજી કા આદેશ હૈ. જબ મંત્રીજી નહી હોતે હૈ તબ ઈનસે મિલના પડતા હૈ... વૉ કયાં હૈ ના સા’બ મંત્રીજી નહીં ચાહતે કી ઉનકે દફતર આયા આદમી ઉનકી ગૈરમૌજૂદગી મેં ભી ખાલી હાથ વાપર જાયે... આપ સમજ રહે હૈ ના?’

મૈંને સોચા, ‘અજીબ હૈ યે મંત્રી મહોદય!!?’

ફિર કહા, ‘અચ્છા, ઠીક હૈ ભાઈ’ અબ ચપરાસી ઈતને ઉત્સાહ સે દિખા રહા થા તો ઉસકી તસ્સલી કે લિયે કુછ સવાલ પૂછને લગા.

‘પાલતૂ હૈ?’

‘નહી થે, પર અબ બન ગયે હૈ!’

‘ભૌંકતે હૈ?’

‘નહી, ઈતના ભી નહી, કભી કભી જબ મંત્રીજી કા મન કરતા હૈ તબ ભૌંક દેતે હૈ.’

‘અચ્છા, ઈન્હે કિસી ગર્વમેન્ટ કૅનરી સે લિયા હૈ યા...? મેરા સવાલ અધૂરા છૂટ ગયા ક્યોંકી ચપરાસી બોલને લગા.’

‘નહીં સા’બ, યે તો ગલી કે કુત્તે થે, બડે હી દયાલુ હૈ હમારે મંત્રીજી, સડકો પર ઘૂમતે હુએ ઉન્હે યે એક છોટી સી ગલી કે છોર પર મિલે થે, કૌંઓ કે સાથ મિલકર કિસી મવેશી કી લાશ કે ચિથડે ખા રહે થે, મંત્રીજી કો દયા આ ગઈ ઔર ઉઠા લાયે ઈન્હે વૉ...’

અબ મુજે કહાની મે થોડા મજા આ રહા થા, મુજે તો યે વક્ત ગુજારને કી કવાયત લગી ઔર મે ઔર પૂછતા ચલા ગયા.

‘ઠીક હૈ, તો યે અબ કુછ કરતે ભી હૈ યા યૂ હી પડે રહતે હૈ...’

‘અરે સા’બ, મંત્રીજી કે કુત્તે હૈ, જૈસે વે જનતા કે સેવક હૈ વૈસે ઈન્હે ભી જનતા કે સેવક હી સમજો... ‘લેકિન’ જાનબૂઝ કે અટક પડા, તાકી ઉસકે ‘લેકિન’ કો પકડકર મેં આગે કા સવાલ કરૂં.

‘લેકિન... કયા?’

‘લેકિન...સા’બ ઈન્હે ખિલાના પડતા હૈ, બહોત સારા ખિલાના પડતા હૈ, સરકારી હૈ ના, ભૂખે નહી રહ સકતે... આપ સમજ રહે હૈ ના સા’બ.

મૈંને કુત્તો કી ઔર દેખા, વૈસે તો કાફી તગડે થે પર ઉનકી આંખો મેં, પટપટાતી રૂએદાર પૂછ સે ભૂખ સાફ ઝલક રહી થી.

‘હમમ્મ... ભૂખે હૈ યે,’ મૈંને કહાં, ‘ફિર કુછ ખિલા હી કયો નહીં દૈતે?’

‘કયા કરૂં સા’બ?’ અચાનક હી એક બેબસી ઉસકે ચેહરે પર દિખી, જો અબતક ઉસકી બાતો મેં નહી ઝલકી થી’ મંત્રીજી અભી કિસી યાત્રા પર ગયે હૈ, ઔર આયે દિન દેશ-વિદેશ કી યાત્રાયે કરતે રહતે હૈ, કહતે રહતે હૈ કી સરકારી પૈસા સડના નહી ચાહિયે, બડી ચિન્તા રહતી હૈ ઉન્હે દેશ કી..., અબ તક તો કહી ઔર દેખ રહા થા પર વહ અબ મેરે સામને દેખકર બોલને લગા, ‘...અબ આપ દેખિયે ના સા’બ, યે કુત્તે સિર્ફ હડ્ડીદાર ગોશ્ત ખાતે હૈ ઔર મંત્રીજી કે બિના ઈસકા ઇંતેઝામ કરના થોડા કઠીન હૈ... આપ સમજ રહે હૈ ના...’

‘હા, થોડા થોડા, પર લગતા હૈ શાયદ આપ જયાદા જાનતે હૈ ઉસકે બેબસ ચેહરે પર થોડી રોનક આઈ તો મૈંને પૂછ લિયા.’ તો કયા યે ‘સિર્ફ’ વડ્ડીદાર ગોશ્ત હી ખાતે હૈ?’

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૮મી ડિસેમ્બર**

- ગુજરાતના પ્રખર સમાજસુધારક દુર્ગારામ મંછારામ મહેતાની જન્મજયંતિ ૨૮-૧૨-૧૮૦૯. પુસ્તક પ્રસારક મંડળની સ્થાપના કરી. હિંમતભરી વિચાર ક્રાંતિના પ્રણેતા.
- ૧૯૦૪ - પ્રથમવાર હવામાનનો વર્તારો - વાયરલેસની મદદથી આપવામાં આવ્યો.



- ૧૮૮૫ - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો સ્થાપના દિન.



- ૧૮૮૧ - શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ત્રીજાનો રાજ્યાભિષેક.



- ૧૮૭૯ - રમણ મહર્ષિનો જન્મ.
- ૧૧૭૨ - ૩૧ વરસ સુધી રાજય કરનાર કુમારપાળનું અવસાન.

# કોઇ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર શાના પર છે?

**વિષય : શિક્ષણ જગત**

(૧) પ્રકૃતિવાદી શિક્ષણશાસ્ત્રીઓમાં નીચેનામાંથી કોણ મોખરાનું સ્થાન ધરાવે છે?
(અ) રૂસો (બ) કોમેનિયસ (ક) મોન્ટેસરી (ડ) ગિજુભાઈ બધેકા
(૨) ‘શિક્ષણ માનવને આત્મ વિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે છે’ આવું શામાં કહેવાયું છે?
(અ) વેદ (બ) ઋગ્વેદ (ક) વેદાંત (ડ) ગીતા
(૩) સર્વેક્ષણ પધ્ધતિનો સૌ પ્રથમ ઉપયોગ ઈંગ્લેન્ડમાં કઈ સાલમાં થયો હતો?
(અ) ૧૯૩૦ (બ) ૧૯૩૫ (ક) ૧૯૪૦ (ડ) ૧૯૪૫
(૪) ‘તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મનનું નિર્માણ એટલે શિક્ષણ’ આ કોનો મત છે?
(અ) ફ્રોબેલ (બ) પ્લેટો (ક) એરિસ્ટોટલ (ડ) જ્હોન ડ્યુઇ
(૫) ‘શિક્ષણનું કામ શુધ્ધ ચારિત્ર્યવાન માનવ ઘડવાનું છે.’ આ વિચાર કોનો છે?
(અ) જહોન ડ્યુઇ (બ) ગાંધીજી (ક) પ્લેટો (ડ) વિવેકાનંદ
(૬) પ્રયોગશાળા પ્રતિમાનના પ્રણેતા કોણ હતા?
(અ) હરબર્ટ - જ્હોન ડ્યુઇ (બ) બંથેલ - મેનેન
(ક) બેન્જામીન કોક્સ - બાપરો (ડ) ડૉનલ્ડ ઓલિવર
(૭) બ્લેક લોર્ડની શોધ કોણે કરી?
(અ) જહોન ડયૂઈ (બ) જેમ્સ વોટ
(ક) જેમ્સ વૉટસન (ડ) જેમ્સ વિલિયમ
(૮) ‘સામાજિકમિતિ’ પધ્ધતીના શોધક કોણ હતા?
(અ) ગેસેલ (બ) ટર્મન (ક) સ્ટ્રોંગ (ડ) મોરેનો
(૯) નીચેનામાંથી કયા મનોવૈજ્ઞાનિક ‘ગેસ્ટાલ્ટવાદી’ નથી?
(અ) વૂડવર્થ (બ) કોહલર (ક) કોફકા (ડ) વૉટસન
(૧૦) નીચેનામાંથી કયા મનોવૈજ્ઞાનિક શરીરશાસ્ત્રી પણ ગણાય છે?
(અ) કોહલર (બ) થોર્નડાઈક
(ક) પાવલૉવ (ડ) સ્કીનર
(૧૧) ‘જીવનના અંધકારમાં પ્રકાશના કિરણો ફેલાવે તે કેળવણી’ આ વ્યાખ્યા કોણે આપી છે?
(અ) રૂસો (બ) ઉપનિષદ (ક) વેદ (ડ) એચ.જી. વેલ્સ
(૧૨) ‘અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી, તેમ તેનો આરંભ પણ નથી’ આ વિધાન કોનું છે?
(અ) રૂસો (બ) ટાગોર (ક) પેસ્ટોલોજી (ડ) ગાંધીજી
(૧૩) વ્યવહારવાદના મુખ્ય પ્રતિપાદક અને પુરસ્કર્તા કોણ હતા?
(અ) ચાર્લ્સ પિયર્સ (બ) જ્હોન ડયૂઈ (ક) વિલિયમ જેમ્સ (ડ) શીલર
(૧૪) રૂસો કયા પ્રકારની શિસ્તની હિમાયત કરતા હતા?
(અ) કડક શિસ્ત (બ) મુક્ત શિસ્ત
(ક) દમનયુક્ત શિસ્ત (ડ) સામાજિક શિસ્ત
(૧૫) કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર શાના પર છે?
(અ) શિક્ષિણ માનવબળ (બ) આધુનિક ટેકનોલોજી
(ક) પ્રગતિશીલ વિજ્ઞાન (ડ) રાષ્ટ્રીયનીતિ

**● વિવિધા ●**

**વિષય :- વિશ્વના પ્રખ્યાત ચિત્રકારો**

- લિયોનાર્દોદ : **ઇટલી**
- પાબ્લો પિકાસો : **સ્પેઇન**
- એન્જેલીકો ઈરા : **ઇટલી**
- પ્રા.એજેલીકા : **ઇટલી**
- જોશ રોનાલ્ડ : **ઇંગ્લેન્ડ**
- સિવાસ્ટોલોવ રોરીચ : **રશિયા**
- વાંગ્વેઇ : **ચીન**
- પીટર પોલ રૂડન્સ : **ઇંગ્લેન્ડ**
- માઈકલ એન્જેલો : **ઇટલી**
- ડેવીડ વિલ્કી : **સ્કોટલેન્ડ**
- ફ્રાંસિસ્કો ડે ઝુરબેટન : **સ્પેન**
- પાબ્લો ઉસેલો : **ઇટલી**
- વિલિયમ હોગાર્થ : **ઇંગ્લેન્ડ**
- જોશુઓ રોનાલ્ડ : **બ્રિટન**
- પોલ સીઝેન : **ફ્રાન્સ**
- એડવર્ડ વિર્લાડ : **ફ્રાન્સ**
- જોન્સ્ટીન : **નેધરલેન્ડ**
- રાફેલ સાન્ઝીઓ : **ઇટલી**
- વાનરી રેમ્બાન્ટ : **નેધરલેન્ડ**
- સેન્ઝીઓ રફેલ : **ઇટલી**

**ગયા સપ્તાહનો સવાલ...?**




સવાલ - ગુજરાતના કયા ગાંધીવાદી સામાજિક કાર્યકર ગાંધીકથા માટે જાણીતા છે?

જવાબ - નારણભાઈ દેસાઇ

**સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) રેખા મહેશભાઈ જાદવ : સે-૩૦
(૪) આકાશ જી. પટેલ : સે-૨૩

**પૂછું એક સવાલ...?**

(૧) શાહ તન્મય. બી : સે-૪થી
પ્રશ્ન - અંધજનો વાંચી શકે અને સમજી શકે તેવી ઉપસાવેલી અક્ષરોની લિપિ કોણે શોધી?
જવાબ - બ્રેઈલ
(૨) પટેલ પવક એન. : સે-૨૮થી
પ્રશ્ન - મહાન વૈજ્ઞાનિક ટોલેમીનું ક્ષેત્ર કયું હતું?
જવાબ - તેઓ ઈ.સ. પૂર્વે ૧૨૦-૮૫ ના મહાન ગ્રીસના વૈજ્ઞાનિક હતા અને ખગોળશાસ્ત્રી હતા.
(૩) શૈશવ એલ. વાણિયા : સે-૨૪થી
પ્રશ્ન - AAAA નું પૂર્ણ નામ શું છે?
જવાબ - એશિયન એમેચ્યોર એથલેટીક અસોશિયેશન.
(૪) વ્યાસ તરલ કે. : સે-૩૦થી
પ્રશ્ન - સરસ્વતી સન્માન કઈ સંસ્થા દ્વારા અપાય છે?
જવાબ - કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા

(અનુસંધાન પાના નં. ૬ પર)

## કવિ મેઘાણીની માણસાઈ

આપણા ગુજરાતની પાસે મહારાષ્ટ્ર રાજયમાં નાસિક શહેર આવેલું છે. એમાં ગુજરાતીઓ વસે. એમને ગુજરાતી કવિતા ખૂબ ગમે. એમને ગુજરાતી કવિ ઝવેરચંદ મેઘાણીને નાસિકમાં આમંત્રણ આપીને તેડાવ્યા.

મેઘાણીજી એવડા મોટા કવિ કે સૌ એમને માન આપે. ગાંધીજી પણ એમને માન આપે અને એમની કવિતા સાંભળે.

કવિ મેઘાણી નક્કી કરેલી તારીખે નાસિક આવી ગયા. ઉતરવાના સ્થળે પહોંચી ગયા. પછી કવિ સભાના સ્થળે જવા નીકળ્યા ત્યારે રસ્તામાં એક ધરમશાળા પાસે થંભી ગયા. ધરમશાળાના દરવાજે નનામી બંધાતી હતી. કવિએ તપાસ કરી તો જાણવા મળ્યું કે એક ગુજરાતનાં બાપા અને માજી નાસિકમાં જાત્રાએ આવેલાં. અહીં આવીને બાપાનું ઓચિંતુ અવસાન થયું. માજી તો મુંઝાઈ ગયાં. નાસિકમાં કોણ સગું હોય? એટલે ધરમશાળા




નજીક રહેતા ત્રણ ગુજરાતી ભાઈઓ નનામી બાંધતા હતા. બાપાએ સ્મશાને તો પહોંચાડવાને? પણ એક માણસની હજુ જરૂર હતી.

મેઘાણીએ કવિસભામાં જવાનું માંડી વાળ્યું. અને પેલા ભાઈઓની મદદમાં લાગી ગયા. એક ભાઈ મેઘાણીને ઓળખી ગયા. તે કહેવા લાગ્યા, કવિરાજ, તમે ખુશીથી સભામાં પહોંચી જાઓ. બધા તમારી રાહ જોતા હશે.

કવિ કહે, કવિસભામાં નહીં જાઉં તો ચાલશે, મારે મન તમને સાથ આપવાનું વધારે અગત્યનું છે. હાલ તો આ શબને સ્મશાનમાં પહોંચાડીને માજીને વતનમાં મોકલીએ.

આમ કહી મેઘાણી સભાના સ્થળે નહીં પણ સ્મશાને ગયા.

આનું નામ માણસાઈ.

## ટહૂકી જજે

મોર, મારે બારણિયે ટહૂકી જજે
ટહૂકી જજે ને રંગ રેલી જજે!
મોર, મારે બારણિયે નાચી જજે,
નાચી જજે ને પીછાં વેરી જજે!
મોર, મારાં મોતીડાં ચણતાં જજે,
ચણતો જજે ને રંગ દેતો જજે!
મોર, પેલી વાદળીને કહેતો જજે,
કહેતો જજે કે જરી વરસી જજે!
મોર, મારે હૈયે તું, ગહેકી જજે,
ગહેકી જજે ને મીઠું મહેકી જજે!

**- રમણલાલ સોની**

## ટીનુ અને ટીનીને ટોચે પહોંચાડો



ટીનુ અને ટીની પહાડ ખેડવા નીકળ્યાં છે. સામે ઊભેલા પહાડના શિખરની ટોચે એમને પહોંચવું છે, પણ રસ્તો આડોઅવળો છે. કેટલાક રસ્તા આગળ જઇને બંધ થઇ જાય છે. ટીનુ અને ટીનીને ખરેખર પહાડની ટોચે પહોંચાડતો રસ્તો પેન્સિલથી દોરી આપો.

**બાળ મિત્રો,**

તમને વાંચવાનો શોખ હશે. તે ખૂબ સારી બાબત છે. પુસ્તકો વાંચવાથી જુદા જુદા દેશો - પ્રદેશોમાં બનતી અવનવી ઘટનાઓ વિષે જાણવા મળે છે. આ ઉપરાંત ત્યાંના લોકો કેવી રીતે જીવે છે. કુદરતી આફતોનો કેવી રીતે સામનો કરે છે. તેના વિષે જાણવા મળે છે.

આપણે જાણીએ છીએ કે બધાની ભાષા, રીત-રિવાજ, વ્યવહાર અલગ અલગ હોય છે. જાતજાતનમાં પુસ્તકો - ભલેને તે વાર્તાનાં હોય - વાંચવાથી આપણને ઘણું બધું જાણવા મળે છે. તેનાથી વિચારોમાં પરિવર્તન આવે છે.

તેથી જ કહેવાય છે કે,
“પુસ્તક એવી નૌકા છે
જે તદ્દન ઓછા ખર્ચે અને વગર
તકલીફે દૂર દૂરના મુલકોમાં
લઇ જાય છે.”